www.prepp.in

Prepp
Your Personal Exams Guide

# LAW
## PAPER-II
## SEPT-18/16

Name & Signature of the Invigilator

.......................................................

.......................................................

OMR Answer Sheet No. :

Roll No. :

(in figures as in Hall Ticket)

Roll Number in words : ..........................................

..........................................................................

**Time : 2 Hours]** **No. of Printed Pages : 48** **[Maximum Marks : 200**

**Instructions for the Candidates**

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. This paper consists of **one hundred (100)** multiple choice type of questions. All questions are compulsory.
3. At the commencement of examination, the question booklet will be given to you. In the first 5 minutes, you are requested to open the booklet and compulsorily examine it as below :
   (*i*) To have access to the Question Booklet, tear off the paper seal on the edge of this cover page. Do not accept a booklet without sticker seal and do not accept an open booklet.
   (*ii*) Tally the number of pages and number of questions in the booklet with the information printed on the cover page. Faulty booklets due to pages/questions missing or duplicate or not in serial order or any other discrepancy should be got replaced immediately by a correct booklet from the invigilator within the period of 5 minutes. Afterwards, neither the Question Booklet will be replaced nor any extra time will be given.
   (*iii*) After this verification is over, the Test Booklet Number should be entered on the OMR Answer Sheet and the OMR Answer Sheet Number should be entered on this Test Booklet.
4. Each item has four alternative responses marked (A), (B), (C) and (D). You have to darken the oval as indicated below on the correct response against each item.

   **Example :** (A) ⬤ (C) (D) where (B) is the correct response.
5. Your responses to the items are to be indicated on the OMR Answer Sheet under Paper – II only. If you mark your response at any place other than in the oval in the OMR Answer Sheet, it will not be evaluated.
6. Read instructions given inside carefully.
7. Rough Work is to be done in the end of this booklet.
8. If you write your Name, Roll Number, Phone Number or put any mark on any part of the OMR Answer Sheet, except for the space allotted for the relevant entries, which may disclose your identity, or use abusive language or employ any other unfair means, such as change of response by scratching or using white fluid, you will render yourself liable to disqualification.
9. You have to return the original OMR Answer Sheet to the invigilator at the end of the examination compulsorily and must not carry it with you outside the Examination Hall. You are however, allowed to carry original question booklet and duplicate copy of OMR Answer Sheet on conclusion of examination.
10. Use only Blue/Black Ball point pen.
11. Use of any calculator or any electronic devices or log table etc., are prohibited.
12. There shall be no negative marking.
13. In case of any discrepancy in the English and Gujarati versions of questions, English version will be taken as final.

**પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ :**

1. આ પાનાની ટોચ પર દર્શાવેલી જગ્યામાં તમારો રોલ નંબર લખો.
2. આ પ્રશ્નપત્રમાં બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવતા સો (૧૦૦) પ્રશ્નો આપેલા છે. બધા જ પ્રશ્નો ફરજિયાત છે.
3. પરીક્ષાની શરૂઆતમાં આપને પ્રશ્નપુસ્તિકા આપવામાં આવશે. પ્રથમ પાંચ (૫) મિનિટ દરમ્યાન તમારે પ્રશ્નપુસ્તિકા ખોલી અને ફરજિયાતપણે નીચે મુજબ પરીક્ષણ કરવું :
   (*i*) પ્રશ્નપુસ્તિકાનો વપરાશ કરવા માટે આ કવર પૃષ્ઠની ધાર પર આપેલ સીલ સ્ટીકર ફાડી નાખો. કોઈપણ સંજોગોમાં સીલ સ્ટીકર વગરની કે ખુલ્લી પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં.
   (*ii*) કવર પૃષ્ઠ પર છપાયેલ નિર્દેશાનુસાર પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નો, પૃષ્ઠો અને સંખ્યાને બરાબર ચકાસી લો. ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા કે જેમાં પ્રશ્નો/પૃષ્ઠો ઓછાં હોય, બે વાર છપાયા હોય, અનુક્રમમાં અથવા અન્ય કોઈ ફરક હોય અર્થાત કોઈપણ સંજોગોમાં ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં. અને જો ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા મળી હોય તો નિરીક્ષક પાસેથી તુરંત જ બીજી સારી પ્રશ્નપુસ્તિકા મેળવી લેવી. આ માટે ઉમેદવારને પાંચ (૫) મિનિટનો સમયગાળો આપવામાં આવશે. પછીથી, પ્રશ્નપુસ્તિકા બદલવામાં આવશે નહીં કે કોઈ વધારાનો સમયગાળો આપવામાં આવશે નહીં.
   (*iii*) આ ચકાસણી સમાપ્ત થાય પછી, પ્રશ્નપુસ્તિકાનો નંબર OMR જવાબ પત્રક પર લખવો અને OMR જવાબ પત્રકનો નંબર પ્રશ્નપુસ્તિકા પર લખવો.
4. પ્રત્યેક પ્રશ્ન માટે ચાર જવાબ વિકલ્પ (A), (B), (C) અને (D) આપવામાં ઓવલ છે. તમારે સાચા જવાબના ઓવલ (oval) ને નીચે આપેલ ઉદાહરણ મુજબ પેનથી ભરીને સંપૂર્ણ કાળું કરવાનું રહેશે.

   **ઉદાહરણ :** (A) ⬤ (C) (D) કે જ્યાં (B) સાચો જવાબ છે.
5. આ પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નો ના જવાબ અલગથી આપવામાં આવેલ OMR જવાબ પત્રકમાં પેપર–II લખેલ વિભાગમાં જ અંકિત કરવા. જો આપ OMR જવાબ પત્રકમાં આપેલ ઓવલ (oval) સિવાય અન્ય સ્થાને જવાબ અંકિત કરશો તો તે જવાબનું મૂલ્યાંકન કરવામાં આવશે નહીં
6. અંદર આપેલ સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો.
7. કાચું કામ (Rough Work) પ્રશ્નપુસ્તિકાના અન્તિમ પૃષ્ઠ પર કરવું.
8. જો આપ OMR જવાબ પત્રક નિયત જગ્યા સિવાય અન્ય કોઈપણ સ્થાને, આપનું નામ, રોલ નંબર, ફોન નંબર અથવા એવું કોઈ ચિહ્ન કે જેનાથી તમારી ઓળખ થઈ શકે, અંકિત કરશો અથવા અભદ્ર ભાષાનો પ્રયોગ કરો, અથવા અન્ય કોઈ અનુચિત સાધનોનો ઉપયોગ કરો, જેમ કે અંકિત કરી દીધેલ જવાબ ભૂંસી નાખવો કે સફેદ શાહીનો ઉપયોગ કરી બદલશો તો આપને પરીક્ષા માટે અયોગ્ય જાહેર થઈ શકો છો.
9. પરીક્ષા સમય પૂરો થઈ ગયા બાદ ઓરીજીનલ OMR જવાબ પત્રક જે તે નિરીક્ષકને ફરજિયાત સોંપી દેવું અને કોઈ પણ સંજોગોમાં તે પરીક્ષાખંડની બહાર લઈ જવું નહીં. પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવાર ઓરીજીનલ પ્રશ્નપુસ્તિકા અને OMR જવાબ પત્રકની ડુપ્લિકેટ કોપી પોતાની સાથે લઈ જઈ શકે છે.
10. માત્ર કાળી/ભૂરી બોલ પોઈન્ટ પેન વાપરવી.
11. કેલ્ક્યુલેટર, લોગ ટેબલ અને અન્ય ઈલેક્ટ્રોનિક યંત્રોનો ઉપયોગ કરવાની મનાઈ છે.
12. ખોટા જવાબ માટે નકારાત્મક ગુણાંકન પ્રથા નથી.
13. પ્રશ્નપુસ્તિકાના કોઈ પ્રશ્નમાં અનુવાદ અંગે કોઈ વિવાદ/મતભેદ જણાય તો અંગ્રેજી વર્ઝન યોગ્ય ગણાશે.

SEAL

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

## LAW
## PAPER - II

## કાયદો
## પેપર–II

*Note* : This paper contains **ONE HUNDRED (100)** multiple-choice/assertion/reasoning questions/matching questions. Each question carries **TWO (2)** marks. Attempt **All** the questions.

**નોંધ** : આ પ્રશ્નપત્રમાં સો (૧૦૦) બહુવિકલ્પીય પ્રશ્નો, સાચું-ખોટું અને જોડકાં બનાવવાના પ્રશ્નો છે. તમામ પ્રશ્નોના જવાબ લખવાના છે. પ્રત્યેક પ્રશ્નના બે (૨) ગુણ છે.

---

1. "Preamble is the key to open the mind of makers and it does not mean that preamble can override the express provisions of the Act." The Supreme Court expressed the above in one of the following cases :

(A) Kesavananda Bharathi *Vs.* State of Kerala

(B) In Re Berubari Case

(C) State of Madras *Vs.* Champakam Dorairajan

(D) Golaknath *Vs.* State of Punjab

2. "The law which violates Fundamental Rights is not nullity or void ab initio but becomes only unenforceable." This relates to one of the following :

(A) Doctrine of severability

(B) Doctrine of waiver

(C) Doctrine of eclipse

(D) Doctrine of lifting the veil

1. ''આમુખ એ બંધારણ ઘડવૈયાઓનું માનસ સમજવા માટેની ચાવી છે પરંતુ આમુખ એ બંધારણની સ્પષ્ટ જોગવાઈઓની ઉપરવટ જઈ શકે, એવો અર્થ થતો નથી.'' સર્વોચ્ચ અદાલતે નીચેના કયા કેસમાં ઉપર મુજબ જણાવ્યું :

(A) કેશવાનંદ ભારતી વિ. સ્ટેટ ઓફ કેરલા

(B) રી બેરુબારી કેસ

(C) સ્ટેટ ઓફ મદ્રાસ વિ. ચમ્પકમ દોરાઈરાજન

(D) ગોલકનાથ વિ. સ્ટેટ ઓફ પંજાબ

2. ''મૂળભૂત અધિકારોને ભંગ કરતો કાયદો એ વ્યર્થ અથવા શરૂઆતથી વ્યર્થ નથી પરંતુ કેવળ બિનઅમલી બને છે'' આ કથન નીચેના પૈકી ............ સંબંધિત છે.

(A) વિભાજ્યતાનો સિદ્ધાંત

(B) અધિકાર જતો કરવાનો સિદ્ધાંત

(C) ક્ષયનો સિદ્ધાંત

(D) પડદો ભેદવાનો સિદ્ધાંત

3. The doctrine of colourable legislation is based on the maxim that "you cannot do indirectly what you cannot do directly." The law enacted by the legislature has been declared invalid on the ground of colourable legislation in one of the following cases :

(A) State of Rajasthan *Vs.* G. Chawla

(B) K.T. Plantation Pvt. Ltd. *Vs.* State of Karnataka

(C) State of Bihar *Vs.* Kameshwar Singh

(D) State of Bombay *Vs.* F.N. Balsara

4. Read the Assertion (A) and Reason (R). Find the *correct* answer using the codes given below :

**Assertion (A) :** The aim of having Fundamental Rights under the Constitution is to regard such rights as inviolable under all conditions.

**Reason (R) :** Legislature of the country may have a free hand in interfering with these fundamental rights when required.

*Codes* :

(A) (A) is correct but (R) is incorrect

(B) (A) is incorrect but (R) is correct

(C) Both (A) and (R) are correct

(D) Both (A) and (R) are incorrect

3. બનાવટી વિધિવિધાનનો સિદ્ધાંત ''જે તમે સિધી રીતે કરી શકો નહીં તે આડકતરી રીતે પણ કરી શકો નહીં'' પર આધારિત છે. નીચેના પૈકી ......... કેસમાં કાયદાતંત્ર દ્વારા ઘડાયેલ કાયદો બનાવટી વિધિવિધાનના કારણોસર અમાન્ય ઠરાવવામાં આવ્યો.

(A) સ્ટેટ ઓફ રાજસ્થાનં વિ.જી. ચાવલા

(B) કે.ટી. પ્લાન્ટેશન પ્રા. લીમીટેડ વિ. સ્ટેટ ઓફ કર્ણાટક

(C) સ્ટેટ ઓફ બિહાર વિ. કામેશ્વર સિંગ

(D) સ્ટેટ ઓફ બોમ્બે વિ. એફ.એન. બલસારા

4. નિશ્ચય કથન (A) અને કારણ (R) વાંચો. નીચે જણાવેલ કોડનો ઉપયોગ કરી સાચો જવાબ શોધો :

**નિશ્ચય કથન (A) :** બંધારણ હેઠળ દર્શાવેલા મૂળભૂત અધિકારોનો હેતુ આવા અધિકારોનું કોઈપણ સંજોગોમાં ભંગ ન થાય તે સંદર્ભમાં છે.

**કારણ (R) :** જ્યારે જરૂરિયાત લાગે ત્યારે દેશનું કાયદાતંત્ર મૂળભૂત અધિકારોમાં હસ્તક્ષેપ કરી શકે.

કોડ :

(A) (A) સાચું છે પરંતુ (R) સાચુ નથી

(B) (A) ખોટું છે પરંતુ (R) સાચુ છે

(C) બંને (A) અને (R) સાચા છે

(D) બંને (A) અને (R) ખોટા છે

5. The Constitution permits and even directs the state to administer what may be termed "distributive justice". This concept has been indicated in one of the following :

(A) Art. 38 and Art. 39

(B) Art. 44 and Art. 42

(C) Art. 43

(D) Art. 45

5. બંધારણ જેને મંજૂરી આપે છે તથા જેનો અમલ કરવાનો રાજ્યને આદેશ કરે છે તેને ''વિતરણાત્મક ન્યાય'' કહે છે. આ ખ્યાલ નીચેનામાંથી .......... માં જણાવેલ છે.

(A) અનુચ્છેદ 38 અને અનુચ્છેદ 39

(B) અનુચ્છેદ 44 અને અનુચ્છેદ 42

(C) અનુચ્છેદ 43

(D) અનુચ્છેદ 45

6. A duty has been imposed to parent or guardian to provide opportunities for education to his/her child between the age of six and fourteen by one of the following constitutional amendments :

(A) 86th Amendment

(B) 78th Amendment

(C) 73rd Amendment

(D) 74th Amendment

6. નીચેનામાંથી .......... બંધારણીય સુધારો માતાપિતા અથવા વાલી ઉપર તેઓનાં છ થી ચૌદ વર્ષનાં બાળકને શિક્ષણની તક આપવાની ફરજ મૂકે છે :

(A) 86 મો સુધારો

(B) 78 મો સુધારો

(C) 73 મો સુધારો

(D) 74 મો સુધારો

7. The holder of an office is called upon to show the court that under what authority he holds the office. This relates to one of the following writs :

(A) Writ of Mandamus

(B) Writ of Prohibition

(C) Writ of Quo Warranto

(D) Writ of Certiorari

7. કોઈ હોદ્દેદારને અદાલત પૂછી શકે કે તમે કયા અધિકારથી હોદ્દા પર છો. આવુ નીચેના કયા આજ્ઞાપત્ર સાથે સંબંધિત છે ?

(A) પરમાદેશનું આજ્ઞાપત્ર

(B) પ્રતિષેધનું આજ્ઞાપત્ર

(C) અધિકાર–પૃચ્છાનું આજ્ઞાપત્ર

(D) ઉત્પ્રેષણનું આજ્ઞાપત્ર

8. Match List I with List II and select the *correct* answer using the codes given below :

**List I**

(*a*) Prisoner's Rights

(*b*) Center-State relationship

(*c*) National Anthem Case

(*d*) Test of Reasonable Classification

**List II**

(*i*) Bijoe Emmanuel *Vs.* State of Kerala

(*ii*) Art. 14

(*iii*) Sunil Batra *Vs.* Delhi Administration

(*iv*) Sarkaria Commission

*Codes* :

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | (*iii*) | (*iv*) | (*i*) | (*ii*) |
| (B) | (*i*) | (*iii*) | (*ii*) | (*iv*) |
| (C) | (*ii*) | (*iv*) | (*iii*) | (*i*) |
| (D) | (*iv*) | (*iii*) | (*i*) | (*ii*) |

8. લીસ્ટ I ને લીસ્ટ II સાથે જોડો અને નીચે આપેલા કોડનો ઉપયોગ કરી સાચો જવાબ શોધો :

**લીસ્ટ I**

(*a*) કેદીના અધિકારો

(*b*) કેન્દ્ર–રાજયના સંબંધો

(*c*) રાષ્ટ્રગીતનો કેસ

(*d*) વાજબી વર્ગીકરણની કસોટી

**લીસ્ટ II**

(*i*) બીજોય ઈમેન્યુઅલ વિ. સ્ટેટ ઓફ કેરલા

(*ii*) અનુચ્છેદ 14

(*iii*) સુનીલ બત્રા વિ. દિલ્હી એડમીનીસ્ટ્રેશન

(*iv*) સરકારીયા કમિશન

કોડ :

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | (*iii*) | (*iv*) | (*i*) | (*ii*) |
| (B) | (*i*) | (*iii*) | (*ii*) | (*iv*) |
| (C) | (*ii*) | (*iv*) | (*iii*) | (*i*) |
| (D) | (*iv*) | (*iii*) | (*i*) | (*ii*) |

9. Which among the following can be amended by simple majority in the Parliament ?

(A) Art. 54 and 55

(B) Art. 73 and 162

(C) Art. 5, 169, 239-A

(D) Any of the lists of the VII schedule

9. પાર્લામેન્ટની સામાન્ય બહુમતીથી નીચેના પૈકીનો કયો સુધારો કરી શકાય :

(A) અનુચ્છેદ 54 અને 55

(B) અનુચ્છેદ 73 અને 162

(C) અનુચ્છેદ 5, 169 અને 239-એ

(D) VII મી અનુસૂચિની કોઈપણ યાદી

Prepp
Your Personal Exams Guide

10. Read the Assertion (A) and Reason (R). Find the *correct* answer using the codes given below :

**Assertion (A) :**

The state is empowered to impose compulsory services for public purposes.

**Reason (R) :**

Constitution of India prohibits forced labour.

*Codes* :

(A) Both (A) and (R) are correct but (R) is not the correct explanation of (A)

(B) Both (A) and (R) are correct and (R) is the correct explanation of (A)

(C) (A) is correct but (R) is incorrect

(D) (A) is incorrect but (R) is correct

11. One of the following Amendments of the Constitution does not require ratification by the states :

(A) Election of the President

(B) Amendments contemplated in Art. 5 and 239-A

(C) Amendment relating to distribution of legislative power between center and state

(D) Any of the lists of VII schedule

10. નિશ્ચય કથન (A) અને કારણ (R) વાંચો. નીચે આપેલ કોડનો ઉપયોગ કરી સાચો જવાબ શોધો :

**નિશ્ચય કથન (A) :**

જાહેર હેતુઓ માટે રાજ્યને ફરજીયાત સેવાઓ લાદવાની સત્તા છે.

**કારણ (R) :**

જબરજસ્તીથી મજૂરી કરાવવી ભારતના બંધારણ દ્વારા પ્રતિબંધિત છે.

કોડ :

(A) બન્ને (A) અને (R) સાચા છે પણ (R) એ (A) ની સાચી સમજૂતી નથી

(B) બન્ને (A) અને (R) સાચા છે અને (R) એ (A) ની સાચી સમજૂતી છે

(C) (A) સાચું છે પણ (R) ખોટું છે

(D) (A) ખોટું છે પણ (R) સાચુ છે

11. નીચેના પૈકી કોઈપણ એક બંધારણીય સુધારાને રાજ્યના અનુમોદનની જરૂરિયાત નથી :

(A) રાષ્ટ્રપતિની ચૂંટણી

(B) અનુચ્છેદ 5 અને 239-A ને લગતા બંધારણીય સુધારા

(C) કેન્દ્ર અને રાજ્યો વચ્ચે ધારાકીય સત્તાની વહેંચણીને લગતા બંધારણીય સુધારા

(D) સાતમા પરિશિષ્ટની કોઈપણ યાદી

www.prepp.in
Prepp
Your Personal Exams Guide

12. Who defined the following :

"Law is a rule laid down for the guidance of an intelligent being by an intelligent being having power over him."

(A) Salmond

(B) Austin

(C) Ihering

(D) Savigny

12. નીચેની વ્યાખ્યા કોણે આપી :

"કાયદો એટલે બુદ્ધિશાળી પ્રાણીના માર્ગદર્શન માટે તેના પર સત્તા ધરાવતા પ્રાણીએ સ્થાપિત કરેલો નિયમ" :

(A) સાલ્મંડ

(B) ઓસ્ટીન

(C) ઈહરિંગ

(D) સેવિની

13. Of whose legal philosophy is called "Utilitarian Individualism" ?

(A) Jeremy Bentham

(B) Roscoe Pound

(C) Rawls

(D) Sir Henry Maine

13. કોની કાનુની વિચારસરણી ''વૈયક્તિક ઉપયોગિતાવાદ'' તરીકે ઓળખાય છે ?

(A) જેરીમી બેન્થામ

(B) રોસ્કો પોન્ડ

(C) રોલ્સ

(D) સર હેનરી મેન

14. The principle of "Social Solidarity" was propounded by :

(A) Duguit

(B) Bentham

(C) Roscoe Pound

(D) Savigny

14. ''સામાજિક એકતા'' નો સિદ્ધાંત ......... દ્વારા પ્રતિપાદિત થયો.

(A) ડુગુઇ

(B) બેન્થામ

(C) રોસ્કો પોન્ડ

(D) સેવિની

Prepp
Your Personal Exams Guide

15. Which of the following are essential requisites of a valid custom ?

(1) Reasonableness

(2) Consistency

(3) Compulsory observance

(4) Certainty

*Codes* :

(A) (1) and (2) only

(B) (1) and (3) only

(C) (1), (2) and (3) only

(D) (1), (2), (3) and (4)

15. વૈધાનિક રૂઢિના આવશ્યક તત્વો :

(1) વ્યાજબીપણું

(2) સાતત્ય

(3) ફરજિયાત પાલન

(4) ચૌકકસતા

કોડ :

(A) ફક્ત (1) અને (2)

(B) ફક્ત (1) અને (3)

(C) ફક્ત (1), (2) અને (3)

(D) (1), (2), (3) અને (4)

16. Regarding the concept of "Animus Possidendi" which of the following statements is *not* true ?

(A) The animus possidendi is necessarily a claim of right

(B) The possessor must intend to exclude other persons from the use of the thing possessed

(C) The animus domini need not amount to a claim or intent to use the thing as owner

(D) The claim of the possessor must be exclusive

16. કબજો ધરાવવાની વૃત્તિના ખ્યાલ સંદર્ભે નીચેના પૈકી કયુ વિધાન સાચુ નથી ?

(A) અધિકારનો દાવા માટે કબજો ધરાવવાની વૃત્તિ આવશ્યક છે

(B) કબજો ધરાવનારનો ઈરાદો કબજાવાળી વસ્તુના ઉપયોગથી બીજાને બાકાત રાખવું

(C) કબજેદારનો કબજાવાળી વસ્તુનો ઉપયોગ માલિક તરીકેનો અધિકાર અથવા હકક ધરાવવાનો ઈરાદો ન હોવો જોઈએ

(D) કબજેદારનો દાવો સંપૂર્ણ હોવો જોઈએ

17. Which one of the following statements is *true* ?

(A) An antecedent right is a remedial right

(B) A perfect right does not prescribe any remedy

(C) A positive right indicates a negative duty

(D) Proprietary rights are valuable rights

18. Match List I with List II and select the correct answer using the codes given below the lists :

List I

(*a*) Fuller

(*b*) Friedman

(*c*) Stone

(*d*) Maine

List II

(*i*) Law in a Changing Society

(*ii*) Human Law and Human Justice

(*iii*) The Morality of Law

(*iv*) Ancient Law

*Codes* :

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | (*i*) | (*iii*) | (*ii*) | (*iv*) |
| (B) | (*iii*) | (*i*) | (*ii*) | (*iv*) |
| (C) | (*ii*) | (*i*) | (*iv*) | (*iii*) |
| (D) | (*i*) | (*ii*) | (*iv*) | (*iii*) |

17. નીચેના પૈકી કયુ વિધાન સાચુ છે ?

(A) પહેલાનો હક્ક એ ઉપચારાત્મક હક્ક છે

(B) સંપૂર્ણ અધિકાર ઉપચાર પૂરો પાડતો નથી

(C) વિધેયાત્મક અધિકાર એ નકારાત્મક ફરજ દર્શાવે છે

(D) માલિકી અધિકારો એ કિંમતી અધિકારો છે

18. લીસ્ટ I ને લીસ્ટ II સાથે જોડો અને નીચે આપેલા કોડની મદદથી સાચા જવાબ શોધો :

લીસ્ટ I

(*a*) ફુલ્લર

(*b*) ફ્રીડમેન

(*c*) સ્ટોન

(*d*) મેન

લીસ્ટ II

(*i*) બદલાતા સમાજમાં કાયદો

(*ii*) માનવીય કાયદો અને માનવીય ન્યાય

(*iii*) કાયદાની નૈતિકતા

(*iv*) પ્રાચીન કાયદો

કોડ :

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | (*i*) | (*iii*) | (*ii*) | (*iv*) |
| (B) | (*iii*) | (*i*) | (*ii*) | (*iv*) |
| (C) | (*ii*) | (*i*) | (*iv*) | (*iii*) |
| (D) | (*i*) | (*ii*) | (*iv*) | (*iii*) |

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

19. Two statements are given below. One is Assertion (A) and the other is Reason (R). Examine these two statements carefully and select the answers to these items using the codes below :

**Assertion (A) :** Custom is superior to legislation.

**Reason (R) :** Custom is followed since times immemorial.

*Codes* :

(A) Both (A) and (R) are individually true and (R) is the correct explanation of (A)

(B) Both (A) and (R) are individually true but (R) is not the correct explanation of (A)

(C) (A) is true but (R) is false

(D) (A) is false but (R) is true

19. નીચે બે વિધાનો આપેલા છે એમાંનું એક નિશ્ચય કથન (A) અને બીજુ કારણ (R) છે. કાળજીપૂર્વક નીચેના વિધાનો ચકાસો અને કોડનો ઉપયોગ કરી સાચી વિગતો શોધો :

**નિશ્ચય કથન (A) :** રૂઢી કાયદાથી ચઢિયાતી છે.

**કારણ (R) :** અનાદિકાળથી રૂઢીનું પાલન થાય છે.

કોડ :

(A) બંને (A) અને (R) સ્વતંત્ર રીતે સાચા છે અને (R) એ (A) ની સાચી સમજૂતી છે

(B) બંને (A) અને (R) સ્વતંત્ર રીતે સાચા છે પણ (R) એ (A) ની સાચી સમજૂતી નથી

(C) (A) સાચુ છે પણ (R) ખોટું છે

(D) (A) ખોટું છે પણ (R) સાચુ છે

20. The Supreme Court awarded 'Exemplary Damages for Misfeasance by Public Servants' in :

(A) S.P. Gupta *Vs.* Union of India

(B) Indira Sawhney *Vs.* Union of India

(C) Common Cause, A Regd. Society *Vs.* Union of India

(D) Shiv Sagar *Vs.* Union of India

20. ''જાહેર સેવકોના વિકર્મ માટે દાખલો બેસાડે તેવુ નુકસાન વળતર'' સુપ્રીમ કોર્ટે ....... કેસમાં અપાવ્યુ.

(A) એસ.પી. ગુપ્તા વિ. યુનિયન ઓફ ઈન્ડિયા

(B) ઈન્દિરા સાહની વિ. યુનિયન ઓફ ઈન્ડિયા

(C) કોમન કોઝ, એ રજીસ્ટર્ડ સોસાયટી વિ. યુનિયન ઓફ ઈન્ડિયા

(D) શિવ સાગર વિ. યુનિયન ઓફ ઈન્ડિયા

21. In which of the following cases the Supreme Court observed that "free legal aid and assistance is a right implicit in the mandate contained in Article 21 relating to protection of life and liberty of a person."

(A) Maneka Gandhi *Vs.* Union of India

(B) Bandhua Mukti Morcha *Vs.* Union of India

(C) Ratlam Municipal Council *Vs.* Vardhichand

(D) Hussainara Khatoon *Vs.* State of Bihar

22. "Equity as a legal concept is a direct emanation of the idea of Justices." This was observed by the International Court of Justice in :

(A) Continental Shelf Case

(B) Guarantee Trust Co. of New York *Vs.* U.S.

(C) Bank of China *Vs.* Wells Fargo Bank and Union Trust Co.

(D) None of the above

21. નીચે પૈકી કયા કેસમાં સુપ્રિમ કોર્ટે અવલોકન કર્યું કે ''અનુચ્છેદ-21 માં બક્ષવામાં આવેલા વ્યક્તિના જીવન અને શારીરિક સ્વાતંત્ર્યનું રક્ષણમાં મફત કાનૂની સલાહ અને સહાયનો અધિકાર સમાવિષ્ટ છે.''

(A) મેનકા ગાંધી વિ. યુનિયન ઓફ ઈન્ડિયા

(B) બંધુઆ મુક્તિ મોરચા વિ. યુનિયન ઓફ ઈન્ડિયા

(C) રતલામ મ્યુનિસિપલ કાઉન્સીલ વિ. વરધીચંદ

(D) હુસેનારા ખાતુન વિ. સ્ટેટ ઓફ બિહાર

22. ''એક કાનૂની ખ્યાલ તરીકે સમન્યાય એ ન્યાયના વિચારનો સીધો આવિર્ભાવ છે.'' આંતરરાષ્ટ્રીય ન્યાયાલયએ ........ માં આવુ અવલોકન કર્યું.

(A) કોન્ટેનેન્ટલ શેલ્ફનો કેસ

(B) ગેરન્ટી ટ્રસ્ટ કં. ઓફ ન્યુયોર્ક વિ. યુ.એસ.

(C) બેંક ઓફ ચાયના વિ. વેલ્સ ફાર્ગો બેંક એન્ડ યુનિયન ટ્રસ્ટ કં.

(D) ઉપરનામાંથી એક પણ નહીં

23. When two or more states exercise rights over a territory, it is called :

(A) Vassal State

(B) Federal State

(C) Confederation

(D) Condominium

23. જ્યારે બે અથવા તેથી વધુ રાજ્યો એક જ વિસ્તાર ઉપર અધિકાર ધરાવે તેને ........ કહે છે.

(A) વસાહત રાજ્ય

(B) સમવાયી રાજ્ય

(C) પરિસંઘ રાજ્ય

(D) સહ–રાજ્ય રાજ્ય

24. Nottebohm's case is related to :

(A) Recognition

(B) Asylum

(C) Nationality

(D) Sources of Law

24. નોટેબોહમનો કેસ ......... સાથે સંબંધિત છે.

(A) માન્યતા

(B) આશ્રય

(C) રાષ્ટ્રીયતા

(D) કાયદાના સ્ત્રોતો

25. The judges of International Court of Justice are elected for a term of :

(A) 5 years

(B) 9 years

(C) 6 years

(D) 3 years

25. આંતરરાષ્ટ્રીય ન્યાયાલયના ન્યાયાધિશોને ......... ની મુદ્દત માટે ચૂંટી કાઢવામાં આવે છે.

(A) 5 વર્ષ

(B) 9 વર્ષ

(C) 6 વર્ષ

(D) 3 વર્ષ

26. Security Council consists of :

(A) 10 members

(B) 15 members

(C) 8 members

(D) 3 members

26. સલામતી સમિતિ ......... બનેલી છે.

(A) 10 સભ્યો

(B) 15 સંભ્યો

(C) 8 સભ્યો

(D) 3 સભ્યો

Prepp
Your Personal Exams Guide

27. The decisions of International Court of Justice :

(A) Create a binding general rule of International Law

(B) Does not create a binding general rule of International Law

(C) Sometimes create a binding general rule of International Law

(D) None of the above

28. Given below are two statements. One labelled as Assertion (A) and other labelled as Reason (R). Match the correct :

**Assertion (A) :** Settlement of International Disputes is done by United Nations.

**Reason (R) :** UN is a Court.

Give correct answer from the following codes :

(A) Both (A) and (R) are true

(B) (A) is true but (R) is false

(C) (A) is false but (R) is true

(D) Both (A) and (R) are false

27. આંતરરાષ્ટ્રીય ન્યાયની અદાલતના નિર્ણયો :

(A) આંતરરાષ્ટ્રીય કાયદાના સામાન્ય બંધનકર્તા કરતા નિયમો રચે છે

(B) આંતરરાષ્ટ્રીય કાયદાના સામાન્ય બંધનકર્તા નિયમો બતાવતી નથી

(C) આંતરરાષ્ટ્રીય કાયદાના સામાન્ય બંધનકર્તા નિયમો અમુક વખતે બતાવે છે

(D) ઉપરોક્ત કોઈ નહીં

28. નીચે જણાવેલ બે વિધાનોમાંનું એક નિશ્ચય કથન (A) અને બીજું કારણ (R) છે. સાચા જોડા બનાવો :

**નિશ્ચય કથન (A) :** સંયુક્ત રાષ્ટ્રસંઘ એ આંતરરાષ્ટ્રિય તકરારોની પતાવટ કરે છે.

**કારણ (R) :** સંયુક્ત રાષ્ટ્રસંઘ એ અદાલત છે.

નીચેના કોડનો ઉપયોગ કરીને સાચો જવાબ આપો :

(A) બંને (A) અને (R) સાચાં છે

(B) (A) સાચું છે પણ (R) ખોટું છે

(C) (A) ખોટું છે પણ (R) સાચું છે

(D) બંને (A) અને (R) ખોટાં છે

www.prepp.in

29. **Assertion (A) :** International Law is not potent enough to restrain a powerful state which has no respect for public opinion.

**Reason (R) :** Sanction behind it is weak.

*Codes* :

(A) Both (A) and (R) are correct and (R) is the correct explanation

(B) Both (A) and (R) are correct but (R) is not the correct explanation

(C) (A) is true but (R) is false

(D) (A) is false but (R) is true

29. નિશ્ચય કથન (A) : જાહેર મતનો અનાદર કરતા બળવાન રાજ્યને અટકાવવા માટે આંતરરાષ્ટ્રીય કાયદો એટલો સક્ષમ નથી.

કારણ (R) : તેની પાછળનું પીઠ બળ કમજોર છે.

કોડ :

(A) બંને (A) તથા (R) સાચા છે અને (R) એ સાચી સમજૂતી છે

(B) બંને (A) તથા (R) સાચા છે અને (R) એ સાચી સમજૂતી નથી

(C) (A) સાચું છે પણ (R) ખોટું છે

(D) (A) ખોટું છે પણ (R) સાચું છે

30. Uniform Civil Code in India is :

(A) Fundamental right

(B) Fundamental duty

(C) Directive principle

(D) Both fundamental right and fundamental duty

30. ભારતમાં સમાન નાગરિક ધારો ..... છે.

(A) મૂળભૂત અધિકાર

(B) મૂળભૂત ફરજ

(C) માર્ગદર્શક સિદ્ધાંત

(D) બંને મૂળભૂત અધિકાર અને મૂળભૂત ફરજ

31. If a Muslim youth marries his wife's sister, then such marriage is :

(A) Sahih marriage

(B) Batil marriage

(C) Fasid marriage

(D) Muta marriage

31. જો કોઈ મુસ્લિમ યુવક તેની પત્નીની બહેન સાથે લગ્ન કરે તો તે લગ્ન ...... છે.

(A) સહી લગ્ન

(B) બાતિલ લગ્ન

(C) ફાસિદ લગ્ન

(D) મુતા લગ્ન

32. No petition under Hindu Marriage Act can be filed within .............. of marriage.

(A) Six months

(B) Two years

(C) One year

(D) Four years

33. The constitutional validity of Section 9 of the Hindu Marriage Act was upheld by the Supreme Court in :

(A) Harvinder Kaur *Vs.* Harmender Singh

(B) Sareetha *Vs.* Venkata Subbaih

(C) Dharmendra *Vs.* Usha Kumari

(D) Saroj Rani *Vs.* Sudarshan Kumar

34. In Muta marriage, if the marriage is not consummated, the wife is entitled for :

(A) Only half of the dower

(B) Full dower

(C) Dower as per the discretion of the husband

(D) Not entitled for any dower

32. હિંદુ લગ્ન ધારા હેઠળ ........ વર્ષ સુધી દાવા અરજી ન થઈ શકે.

(A) 6 મહિના

(B) 2 વર્ષ

(C) 1 વર્ષ

(D) 4 વર્ષ

33. નીચેના પૈકી કયા કેસમાં હિંદુ લગ્નધારાની કલમ–9 ની બંધારણીય વૈધતાને સર્વોચ્ચ અદાલત દ્વારા સમર્થન મળ્યું ?

(A) હરવિંદર કૌર વિ. હરમેન્દ્ર સિંઘ

(B) સરિથા વિ. વેંકટે સુબઈઆ

(C) ધર્મેન્દ્ર વિ. ઉષાકુમારી

(D) સરોજ રાની વિ. સુદર્શન કુમાર

34. મુતા લગ્નમાં જો લગ્ન પરિપૂર્ણ ન થયેલ હોય તો પત્ની ...... માટે હકદાર છે.

(A) માત્ર મેહરનો અડધુ ભાગ

(B) સંપૂર્ણ મેહર

(C) પતિના વિવેક અનુસાર મેહર

(D) મેહર માટે હકદાર નથી

35. When the marriage is dissolved by death of the husband and the marriage is not consummated. The wife has to observe Iddat for a period of :

(A) Three months

(B) Four months and ten days

(C) Need not follow Iddat

(D) Four months

36. Match List I with List II and indicate the correct answer using the codes given below :

**List I**

(*a*) Ashok Hura *Vs.* Rupa Hura

(*b*) Bipin Chandra *Vs.* Prabhavati

(*c*) Sarla Mudgal *Vs.* Union of India

(*d*) T. Sareetha *Vs.* Venkata Subbaih

**List II**

(*i*) Restitution of Conjugal Rights

(*ii*) Uniform Civil Code

(*iii*) Desertion

(*iv*) Divorce by Mutual Consent

*Codes* :

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | (*i*) | (*ii*) | (*iii*) | (*iv*) |
| (B) | (*iv*) | (*iii*) | (*ii*) | (*i*) |
| (C) | (*i*) | (*iv*) | (*ii*) | (*iii*) |
| (D) | (*iv*) | (*iii*) | (*i*) | (*ii*) |

35. જ્યારે પતિનું મૃત્યુ થયેલ હોય અને લગ્ન પરિપૂર્ણ ન થયેલ હોય ત્યારે પત્નીએ ......... માટે ઈદ્દતનું પાલન કરવુ પડે ?

(A) 3 મહિના

(B) 4 મહિના અને 10 દિવસ

(C) ઈદ્દતનું પાલન ન કરવું

(D) 4 મહિના

36. યાદી I અને યાદી II સાથે સરખાવો. નીચે આપેલા કોડમાંથી સાચા જવાબ આપો :

**યાદી I**

(*a*) અશોક હુરા વિ. રૂપા હુરા

(*b*) બિપિનચંદ્ર વિ. પ્રભાવતી

(*c*) સરલા મુદગલ વિ. ભારત સંઘ

(*d*) ટી. સરીથા વિ. વેંકટા સુબાઈ

**યાદી II**

(*i*) લગ્ન હકોનું પુનઃસ્થાપન

(*ii*) સમાન નાગરિક ધારો

(*iii*) પરિત્યાગ

(*iv*) પરસ્પર સંમતિથી છૂટાછેડા

કોડ :

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | (*i*) | (*ii*) | (*iii*) | (*iv*) |
| (B) | (*iv*) | (*iii*) | (*ii*) | (*i*) |
| (C) | (*i*) | (*iv*) | (*ii*) | (*iii*) |
| (D) | (*iv*) | (*iii*) | (*i*) | (*ii*) |

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

37. A Muslim wife can relinquish her Mahr :

(A) When she is minor

(B) When she is not less than 18 years of age

(C) When she is not less than 15 years of age

(D) When she is not less than 21 years of age

37. એક મુસ્લિમ પત્ની નીચેના કયા સંજોગોમાં મેહર જતુ કરી શકે છે :

(A) જ્યારે તે સગીર હોય

(B) જ્યારે તેણી 18 વર્ષથી ઓછી ઉંમરની ન હોય

(C) જ્યારે તે 15 વર્ષથી ઓછી ઉંમરની ન હોય

(D) જ્યારે તે 21 વર્ષથી ઓછી ઉંમરની ન હોય

38. Which of the following will not fall under definition of dependants according to Hindu Adoption and Maintenance Act, 1956 ? Assume they cannot obtain maintenance from any other source ?

(A) An illegitimate daughter until she is minor

(B) A widow daughter

(C) A widow as long she does not remarry

(D) Unmarried daughter of predeceased son of predeceased son

38. નીચેના પૈકી કયુ હિંદુ દત્તક વિધાન અને ખાધાખોરાકી ધારા 1956 ની આશ્રિતોની વ્યાખ્યામાં નહિ આવે ? માની લો કે તેઓ બીજા સ્ત્રોતથી ખાધાખોરાકી ન લઈ શકે.

(A) અનૌરસ પુત્રી જ્યાં સુધી સગીર છે

(B) એક વિધવા પુત્રી

(C) એક વિધવા જ્યાં સુધી લગ્ન ન કરે

(D) પહેલા ગુજરી ગયેલ દીકરાના દીકરાની અવિવાહિત પુત્રી

www.prepp.in

39. During judicial separation, the :

(A) Parties continue to be husband and wife and may or may not suspend the marital rights and obligations

(B) Parties continue to be husband and wife but marital rights and obligations are suspended

(C) Parties are not husband and wife

(D) Status of husband and wife is decided by the Court

39. ન્યાયિક અલગતા દરમ્યાન :

(A) પક્ષકારો પતિ અને પત્ની રહે છે અને લગ્ન સંબંધી હકો અને જવાબદારીઓ મોકૂફ કરી શકે અથવા ના પણ કરી શકે

(B) પક્ષકારો પતિ અને પત્ની તરીકે રહે છે પરંતુ લગ્નસંબંધી હકો અને જવાબદારીઓ મોકૂફ થઈ જાય છે

(C) પક્ષકારો પતિ અને પત્ની નથી રહેતા

(D) પતિ અને પત્નીના દરજ્જા અદાલત નક્કી કરે છે

40. Consider the following propositions. Select the correct answer using the codes given below :

(1) If the frustration is self-induced it can be a defence for breach of contract.

(2) Self-induced frustration can never be a defence for breach of contract.

(3) The burden of proving that frustration was self-induced is on the party who is alleging that it was so induced.

*Codes* :

(A) (1) and (3) are valid

(B) (2) alone is valid

(C) (3) alone is valid

(D) (2) and (3) are valid

40. નીચેના પ્રસ્તાવો પર વિચારો. કોડનો પ્રયોગ કરી સાચો જવાબ આપો :

(1) જો નિષ્ફળતા સ્વપ્રેરિત હોય તો એ કરારભંગના કિસ્સામાં બચાવ થઈ શકે.

(2) સ્વપ્રેરિત નિષ્ફળતા ક્યારેય કરારભંગમાં બચાવ ન થઈ શકે

(3) નિષ્ફળતા સ્વપ્રેરિત હતી તે સાબિત કરવાનો ભાર એ પક્ષનો છે જે કહે છે કે આ નિષ્ફળતા એવી હતી

કોડ :

(A) (1) અને (3) સાચા છે

(B) માત્ર (2) સાચું છે

(C) માત્ર (3) સાચુ છે

(D) (2) અને (3) સાચુ છે

41. Match List I with List II and select the correct answer from the codes given below :

**List I**

(*a*) Contracts of utmost good faith

(*b*) Agreement where object is uncertain

(*c*) Contracts opposed to public policy

(*d*) Intention to create legal obligation

**List II**

(*i*) Agreements hostile to friendly states

(*ii*) Essential element for valid contract

(*iii*) Contract of Insurance

(*iv*) Void and unenforceable

*Codes* :

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | (*i*) | (*iii*) | (*ii*) | (*iv*) |
| (B) | (*ii*) | (*iv*) | (*iii*) | (*i*) |
| (C) | (*iii*) | (*iv*) | (*i*) | (*ii*) |
| (D) | (*i*) | (*iii*) | (*iv*) | (*ii*) |

41. યાદી I ને યાદી II સાથે સરખાવો. નીચે આપેલા કોડમાંથી સાચા જવાબ આપો :

**યાદી I**

(*a*) સર્વાધિક સદ્‌ભાવનાનો કરાર

(*b*) સમજૂતી જ્યાં હેતુ અસ્પષ્ટ છે

(*c*) જાહેરનીતિના વિરુદ્ધના કરારો

(*d*) કાયદાકીય જવાબદારી ઉભી કરવાનો આશય

**યાદી II**

(*i*) મિત્ર રાજ્ય સાથે દુશ્મનાવટભરી સમજૂતિઓ

(*ii*) માન્ય કરારના આવશ્યક તત્વો

(*iii*) વીમાનો કરાર

(*iv*) રદ અને લાગુ ન કરી શકાય તેવા

કોડ :

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | (*i*) | (*iii*) | (*ii*) | (*iv*) |
| (B) | (*ii*) | (*iv*) | (*iii*) | (*i*) |
| (C) | (*iii*) | (*iv*) | (*i*) | (*ii*) |
| (D) | (*i*) | (*iii*) | (*iv*) | (*ii*) |

Prepp
Your Personal Exams Guide

42. The defence of "non est factum" is available to the contracting party who has committed mistake as to the :

(A) Nature of contract

(B) Identity of the other contracting party

(C) Quality of the promise made by other contracting party

(D) Quality of the subject matter of the contract

43. A person who sues for damages under the law of contract :

(A) has a duty to mitigate the loss consequent upon the breach of contract

(B) has no duty to mitigate the loss consequent upon the breach of contract

(C) can claim damages for the sum inclusive of the amount of loss due to his negligence

(D) has full discretion in the matter

42. 'નોન એસ્ટ ફેક્ટમ' ના બચાવ તે કરારી પક્ષકારને ઉપલબ્ધ છે જેણે ભૂલ કરી હોય એ :

(A) કરારની પ્રકૃતિ

(B) કરારના બીજા પક્ષકારની ઓળખ

(C) કરારના બીજા પક્ષકાર દ્વારા આપેલા વચનની ગુણવત્તા

(D) કરારની વિષયવસ્તુની ગુણવત્તા

43. કરારના કાયદામાં નુકસાન વળતર માટે એ વ્યક્તિ વાદ લાવી શકે કે જેઓ :

(A) કરારભંગથી ઉત્પન્ન થતા નુકસાનને ઓછા કરવાની ફરજ છે

(B) કરારભંગથી ઉત્પન્ન થતા નુકસાનને ઓછુ કરવાની ફરજ નથી

(C) દાવો કરી શકે કે એમની ઉપેક્ષા દ્વારા થતા નુકસાનનો વળતરની રકમ શામિલ હોવી જોઈએ

(D) આ બાબતમાં સંપૂર્ણ વિવેકાધીન સત્તા છે

44. The inadequacy of consideration will be taken into account by a Court of Law :

(A) When the promisor performs his promise

(B) When the promisor expresses his desire to get maximum return for his promise

(C) When fraud, coercion or undue influence in the formation of contract is pleaded

(D) Always at the discretion of the court

45. The decision in Mohori Bibi *Vs.* Dharamdas Ghose is related to the :

(A) Undue influence

(B) Acceptance and its communication

(C) Offer and its communication

(D) Capacity of minor to enter into contract

44. કાયદાના ન્યાયાલય દ્વારા અવેજની અપૂર્તતા વિચારી શકાય :

(A) જ્યારે વચન આપનાર પોતાનું વચન પૂર્ણ કરે

(B) જ્યારે વચન આપનાર એવી ઈચ્છા વ્યક્ત કરે કે તે સર્વાધિક લાભ પ્રાપ્ત કરવા માંગે છે પોતાના વચનના

(C) જ્યારે કરારના ગઠનમાં કપટ, બળજબરી અને અણઘટતી લાગવગની દલીલ કરવામાં આવી હોય

(D) ન્યાયાલયના વિવેકાધીન

45. મોહરીબીબી વિ. ધરમદાસ ઘોષના ચૂકાદો સંબંધિત છે :

(A) અણઘડતી લાગવગ

(B) સ્વીકાર અને તેનો સંચાર

(C) પ્રસ્તાવ અને તેનો સંચાર

(D) સગીરની કરાર કરવાની ક્ષમતા

46. Which one of the following has been laid down as the basis of responsibility by the rule in Rylands *Vs.* Fletcher ?

(A) Conditional liability

(B) Fault liability

(C) Insurance liability

(D) Strict liability

47. Match List I with List II and select the correct answer using the codes given below :

**List I**

(*a*) Act of State

(*b*) Consent

(*c*) Statutory authority

(*d*) Act of God

**List II**

(*i*) Nicholas *Vs.* Marsland

(*ii*) Metropolitan Asylam Dt. Board *Vs.* Hills

(*iii*) Hall *Vs.* Brookland and Auto racing club

(*iv*) Buron *Vs.* Denman

*Codes* :

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | (*iv*) | (*iii*) | (*ii*) | (*i*) |
| (B) | (*i*) | (*iii*) | (*iv*) | (*ii*) |
| (C) | (*iv*) | (*ii*) | (*i*) | (*iii*) |
| (D) | (*ii*) | (*iv*) | (*iii*) | (*i*) |

46. રાયલેન્ડ વિ. ફલેચરના નિયમ હેઠળ જવાબદારીના આધાર તરીકે નીચેનામાંથી કયુ નિર્ધારિત કરવામાં આવેલ છે ?

(A) સશર્ત જવાબદારી

(B) ભુલ જવાબદારી

(C) વીમા જવાબદારી

(D) કઠોર જવાબદારી

47. યાદી I ને યાદી II સાથે સરખામણી કરો અને કોડ પ્રયોગ કરી સાચા જવાબ આપો :

**યાદી I**

(*a*) રાજ્યનું કૃત્ય

(*b*) સંમતિ

(*c*) વૈધાનિક સત્તા

(*d*) દૈવી કૃત્ય

**યાદી II**

(*i*) નિકોલસ વિ. માર્સલેન્ડ

(*ii*) મેટ્રોપોલિટન એસાયલમ ડ્યુટી બોર્ડ વિ. હિલ્સ

(*iii*) હોલ વિ. બ્રુકલેન્ડ અને ઓટો રેસીંગ કલબ

(*iv*) બેરોન વિ. ડેન્મન

કોડ :

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | (*iv*) | (*iii*) | (*ii*) | (*i*) |
| (B) | (*i*) | (*iii*) | (*iv*) | (*ii*) |
| (C) | (*iv*) | (*ii*) | (*i*) | (*iii*) |
| (D) | (*ii*) | (*iv*) | (*iii*) | (*i*) |

48. A poisonous gas leaked from the storage tank of fertilizer manufacturing industry of defendant due to a wind storm resulting in serious breathing problem and eye injuries to P and Q who were working in the industry and S and T who were residing in the surrounding area. P, Q, S and T claimed damages from the said industry.

(A) Industry is liable to compensate P and Q only

(B) Industry is liable to compensate S and T only

(C) Industry is liable to compensate P, Q, S and T

(D) Industry is not liable as leakage occurred due to Act of God

